લીલીયા,લાઠી,દામનગર,બાબરા, વડીયા,કુકાવાવ,અમરેલી,સા.કુંડલા રાજુલા,જાફરાબાદ,ખાંભા,ગારીયાધારમાં બહોળો ફેલાવો ધરાવતા આપના પોતિકા અખબાર લીલીયાટાઈમ્સમાં પ્રેસનોટ,બાલજન્મદિન,જાહેરાત, પ્રસંગોચિત ફંકશન,અવસાન નોંધ, શ્રધ્ધાંજલી વગેરે આપવા માટે સંપર્ક કરોમો.૯૮૯૮૪૪ ૬૧૭૨

અમરેલી જિલ્લામાંથી દર શનિવારે પ્રસિધ્ધ થતુ લોકપ્રિય સાપ્તાહિક

॥ લોક હિત એજ કર્તવ્ય ॥

✦RNI NO.GUJGUJ/2004/14569

॥ वंदे मातरम ॥

# લીલીયાટાઈમ્સ

સાપ્તાહિક

LILIYATIMES-Weekly

તંત્રી : હાર્દિક જે. દવે Web site:liliyatimes.com

* Email :liliyatimes@gmail.com *h.dave21@yahoo.co.in*liliyatimes@liliyatimes.com

✦વિક્રમસવંત-૨૦૭૩✦શ્રાવણસુદ-૬✦તા.૨૯-૦૭-૨૦૧૭✦વાર:શનિવાર✦વર્ષ-૧૪✦અંક-૧૯✦પાના-૨✦કિમત:રૂ.૧-૦૦

POST REGD.NO.G-AMR/135/12,VALID UP TO 31-12-2018
POSTAD AT AMRELI HO ON EVERY MONDAY.
TO.

વેબસાઈડ અડવર્ટાઈઝમેન્ટ

આપના ધંધાની આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિકસાવવા લીલીયાટાઈમ્સ વેબસાઈડમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો મો.૯૮૯૮૪ ૪૬૧૭૨

તંત્રી-પ્રકાશક-મુદ્રક-માલિક:હાર્દિકજે.દવે,સિધ્ધીવિનાયક સોસાયટીપાસે,ગીરીરાજનગર,બ્લોકનં. ૮૦,ચિતલરોડ,અમરેલી મુદ્રણસ્થાન:હાર્દિક પ્રિન્ટીંગપ્રેસ ગીરીરાજનગર સિધ્ધીવિનાયક સોસાયટી પાસે બ્લોકનં.૮૦''હાર્દિક''ચિતલરોડ,અમરેલી દ્વારા મુદ્રીતકરાવી લીલીયાટાઈમ્સ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ.(કોર્ટકેસના સંદર્ભમાં ન્યાયક્ષેત્ર અમરેલી રહેશે)

### લીલીયા તાલુકાના જાત્રુડાનું ગૌરવ બાબુભાઈ ધાનાણી

## સરદાર સહિત અનેક હસ્તિઓના સર્જક : સિધ્ધાંત સાથે કયારેય સમજુતી નહી

### ચાંદી,પિતળ,કાંસુ,લાકડું,સિરામિકસમાંથી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ સહિત અનેક હસ્તિઓની હજારો પ્રતિમા બનાવીને શિલ્પકાર બાબુભાઈ ધાનાણી એ સર્જ્યો અનોખો વિક્રમ








અમરેલી,

અમરેલી જિલ્લના નાના એવા લીલીયા તાલુકાના જાત્રુડાના મુળ વતની અને છેલ્લા ૨૫ વર્ષથી મુંબઈને કાર્યક્ષેત્ર બનાવનાર આ તાલુકાના હોનહાર આર્ટીસ્ટ બાબુભાઈ ધાનાણીએ પોતાની સુઝ બુઝ અને કુદરતની આપેલ કલાકારીગરી રૂપી આશિર્વાદ થી અનેક વિક્રમો સજર્યો છે.

આવતી ૩૧મી ઓકટોંબરે સરદાર પટેલની જન્યજયંતિ આવવાનીછે.૫૫૦ કરતાં રજવાડા ને ભારતમાં વિલીન કરનાર અનુ કાશ્મીર,હૈદરાબાદ, અને જુનાગઢ ના જટીલ પ્રશ્નનું કડક હાથે નિરાકરણ કરનાર સરદારને આઝાદ ભારતના શિલ્પી ગણવા માં આવે છે. અને એમની લોખંડી મૂર્તિને દેશ–વિદેશમાં મૂર્તિમંત્ર કરનાર બિજા એક પટેલ એટલે બાબુભાઈ ધાનાણી બીજા શબ્દોમાં કહીએ તો સરદાર પટેલ સહિત ક્ષૈત્રિય મહાપુરૂષો,સંતો– મહંતો, શ્રવણ માતા–પિતા, ભગવાન બૌધ્ધ સહિત અનેક ના શિલ્પો તેમણે સૌથી વધુ બનાવ્યા છે.

મુંબઈ પરા મીરા રોડમાં રહેતા બાબુભાઈ ધાનાણી(પટેલ) એમણે સરદાર પટેલની ૨૭૫૦ થી વધુ પ્રતિમાં બનાવી છે. આમાથી મોટાભાગની મૂર્તિઓ સરદારના ચાહકોએ ઘર કે ઓફિસમાં મૂકવા માટે બનાવડાવી છે.અમૂક મૂર્તિ ગુજરાતના કેટલાક માર્કેટીંગ યાર્ડમાં પણ છે.નવાઈની વાત એ છે કે બાબુભાઈ ધાનાણીએ કંડારરેલી સરદારની પ્રતિમાંઓમાંથી જાણીતી સંસ્થા કે સરકારી કચેરી ઓમાં બહુ ઓછી ગઈ છે.

સરદાર જેવા આખા બોલા શિલ્પી બાબુભાઈ ધાનાણી શબ્દોની રમત રમ્યા વગર લીલીયા ટાઈમ્સને જણાવ્યુ કે,

મને કમીશન આપવાનું ફાવતુ નથી એટલે હું વગદાર સંસ્થા કે સરકારી ઓફિસોનાં કોન્ટ્રાકટ લેતો નથી. તેમને એક કિસ્સો કહું.થોડા વર્ષ પહેલા મુંબાઈના એક જાણીતા રાજકારણીને મળવા ગયો.વાત હતી સરદાર પટેલની એક તોતીંગ પ્રતિમાં બનાવીને શહેરના એક જાણીતા સ્થળે ગોઠવવાની મેં સત્તાવન લાખ રૂપીયા બજેટ આપ્યુ તો એ રાજ કારણી કહે છે કે એમાં અમારૂ કમીશન સવાકરોડ ઉમેરી અને બિલ બનાવી દો હું પાસ કરી દઈશ !'

સહેજ અટકીને બાબુભાઈ ધાનાણી કહે છે : 'જો મેં એ સોદો સ્વીકાર્યો હોત તો આખી રકમ પર મારે ૩૦ ટકા ઈન્કમ ટેકસ ભરવો પડયો હોત અને સરવાળે હું નુકસાન માં ગયો હોત એટલે હું આવી માથા કૂટમાં પડતો નથી' અને સિધ્ધાંતો સાથે કયારે રમત કરતો નથી.

અગાઉના કડવા અનુભવ ને કારણે બાબુભાઈ ધાનાણીએ એક નિયમ રાખ્યો છે.શિલ્પની કિમત કામ કરતા પહેલા ઠરાવી લેવાની અને પચ્ચાસ ટકા રકમ એડવાન્સ માં લેવાની એ કહે છે :

'આમ તો હું ખેડૂત પરિવાર નો છું પણ શિલ્પકામ– ચિત્રકામમાં પૂરો વેપારી છું ખેડૂતે કયારેક આત્મહત્યા કરવી પડે એવા સંજોગો પેદા થાય પણ વેપારી તો દરેક પરિસ્થિતીમાં પોતાનું કમીશન રળી લે છે.'

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના બાબુભાઈ ધાનાણીએ અમદાવાદમાં કોલેજ પૂરી કર્યા પછી મુંબઈ જે.જે.સ્કૂલ ઓફ આર્ટસમાં નવ વર્ષ ભણીને બી.એફ.એ.તથા એમ.એ.ની ડીગ્રી લીધી પછી થોડો સમય મુંબઈ ગુજરાત સમાચારમાં આર્ટીસ્ટ તરીકે પણ કામ કર્યુ એ અરસામાં હોલીવુડની ફિલ્મોના પોસ્ટર પણ ચિતરતા.એક કરતા એક વખત એનએફડીસી(નેશનલ ફિલ્મ ડેવલોપમેન્ટ કોર્પોરેશન)ના હેંમત પૈ સાથે ઓળખાણ થઈ.

હેમંતભાઈએ ગણપતિ ની છ ફૂટની કાંસાની પાંચસો કિલો વજનની પ્રતિમાં બનાવવાનો ઓર્ડર આપ્યો.બાબુભાઈને એ જમાનામાં ગણપતિની પ્રતિમાં બનાવવા માટે સાડા ત્રણ લાખ રૂપિયા જેવી અધધધ રકમ મળી !બસ પછી એમણણે પાછા વળીને જોયું નથી. શિલ્પ ઉપરાંત પેન્ટિંગ્સ, મ્યુરાલ,પોર્ટ્રેટ,લોગો બધું એમણે બનાવવા માંડયું.

અચ્છા,તો સરદાર પટેલ નું કેવી રીતે ગોઠવાયુ ?

બાબુભાઈ ધાનાણી કહે છે :

'ગુજરાતના એક કલયન્ટે મારી પાસે વલ્લભાઈ પટેલનું એક પેન્ટિંગ તૈયાર કરાવેલું એ એમને એટલુ ગમ્યું કે પછી એ નાની પ્રતિમાનં બનાવડાવી ગયા એમને ત્યાં કોઈકે મૂર્તિ જોઈ એટલે એમનો ઓર્ડર મળ્યો એમ કરતાં કરતાં સરદારના કામનો ખડકલો થઈ ગયો '

સરદારના શિલ્પ બનાવવા વાળા તો ઘણા હશે,પણ બાબુભાઈ ધાનાણીનાં શિલ્પમાં એ તે કઈ ખાસિયત છે ?

બાબુભાઈ હસિને કહે છે

'સરદાર વીરરસના માણસ હતા,હુંય વીરરસનો ચાહક છું.હું નાનો હતો ત્યારે વીરરસની કવિતા લખતો,પછી વલ્લભભાઈનાં શિલ્પ બનાવવાનાં શરૂ કર્યા ત્યારે એમના વિશેનું ઘણું સાહિત્ય વાંચી ગયો.ખાસ કરીને બરફના જવાળ ામુખી નામના પુસ્તકમાં સરદાર વિશે અદભુત માહિતી છે.એમ તો જાણીતા કટારલેખક એમ.વી. કામથે સરદારને સમ્રાટ અશોક પછીશ્રેષ્ઠમેનજમેન્ટ ગુરૂ ગણાવેલા એ વાંચીને હું ખાસ કામથેસાહેબને મળવા પણ ગયેલો. સરદારને જોવા –સાંભળવાનું સદ્દભાગ્ય એમને સાંપડેલુ એટલે એમની પાસેથી સરદાર વિશે બે વાત વધુ જાણવા મળી.'

બાબુભાઈ કહે છે :' સરદારની છાપ લોખંડી પુરૂષની છે અને શિલ્પમાં એ દેખાવી જોઈએ.ઘણા મૂર્તિકરો કપાળ અને ચહેરા પરની કરચલીને પીઢતાની નિશાની છે એનું ડિટેલિંગમાં ધ્યાન નથી આપતા એટલે દ્રઢતાનો ભાવ ઝળવાતો નથી.હું ભરતમુનિએ વર્ણવેલા કલાનાં છ અંગ જેવા કે રૂપ,ભેદ,લાવણ્ય,પ્રમાણ,ભાવ,વગેરેને મારાં શિલ્પમાં મૂકવાનો પ્રયત્ન કરું છું એટલે સફળતા મળે છે. મે. સિરામિક,તાંબુ,પિત્તળ,કાંસું, એલ્યુમિનિયમ, ફાઈબર, લાકડું,વ હાઈટ મેટલ અને ચાંદીમાંથીય સરદારની પ્રતિમાં બનાવી છે.'

બેશક,ચાંદીની પ્રતિમાં બનાવવાનું અઘદ્યું છે.અને એથી અઘઢ છે કલયાયન્ટને તમારી પ્રામાણિકતાપર વિશ્વાસબેસાડવા નું. બાબુભાઈ પટેલ એક રસપ્રદ કિસ્સો જણાવતા કહે છે કે 'લંડનના એક ગ્રાહકે સાડા બાર કિલો ચાંદી ની સરદાર પટેલની પ્રતિમાં મારી પાસે તૈયાર કરાવી.થોડા દિવસ પછીબીજી પ્રતિમાનો ઓર્ડર આપ્યો. મને નવાઈ લાગી પછી જાણવા મળ્યુ કે મેં બનાવી આપેલી મૂર્તિ એમણે પીગાળી નખાવેલી, મારી પ્રામાણિકતા ચકાસવા માટે !'

બાબુભાઈ બીજી એક મહત્વની વાત કહે છે કે ઘણા લોકો ઈન્વેસ્ટમેન્ટ માટે ચાંદીની પ્રતિમા બનાવડાવે છે. પછી ઉપર નિકલનું કોટિંગ ચઢાવે છે. ઈન્કમટેક્ષની રેડ પડે તો નિકલના આવરણના કારણે મૂર્તિ બચી જાય ! થોડા વખત પહેલા બાબુભાઈએ મળ મુંબઈના એક દેરાસર માટ. સાડા આઠ કિલો ચાંદીની ઋષભદેવની પ્રતિમાં બનાવેલી,જે લોકોએ ખૂબ જ વખાણી.

શિલ્પની દુનિયામાં ખાસ કોઈ સપણું ?

બાબુભાઈ કહે છે :

'ઘોઘા અને મહુવા વચ્ચે સરદાર બ્રિજ બનાવવાનો છે. આ બ્રિજને કારણે સુરત–ભાવનગર માત્ર અડધા કલાકમાં પહોંચી શકાશે. એટલું જ નહીં આ બ્રિજને કારણે દુનિયાનું સૌથી મોટુ મીઠા પાણીનું સરોવાર રચાશે. મારે એ સરોવરના કાંઠે એકાદ વીઘા જમીનમાં સરદાર પટલનું સો–દોઢ સો ફૂટ ઉંચુ' બાવલું મુંકવું છે. આખો પ્રોજેકટ સવા કરોડ રૂપિયાનો છે. અત્યારે ત્રણ–ત્રણ લાખ રૂપીયા રોકે તેવા આંટ સ્પોન્સર મળી ગયા છે. આશા છે કે સરદાર બ્રિજનું કામ શરૂ થશે ત્યાં સુધીમાં સ્પોન્સર મળી જશે.

આ બાબતે ગુજરાતના લોકોને તમારો સંપર્ક કરવો હોઈ તો તેમણે કહ્યુ લીલીયાટાઈમ્સ એજ મારો સંપર્ક અને તંત્રી પદે આપનો નંબર નાખી અને ગુજરાતી કલા પ્રેમિ જનતાને સેવા માટે તમે માધ્યમ બનો એવી મારી તમારા તાલુકાના વતની તરીકે હક સાથે માંગણી છે. વધુ વિગત માટે સંપર્ક કરો મો.૯૮૯૮૪૪૬૧૭૨

## પિતા પી.આઈ. પુત્રી.ડી.વાય.એસ.પી. અમરેલીના તરવડામાં અનોખો સમન્વય




સુરત(મહેશગીરી ગોસ્વામી),

ગુજરાત દસનામ સમાજ તેમજ ,અમરેલી જિલ્લા અને તરવડા ગામનું ગૌરવ વધારતા નિલમબેન ભરતગીરી ગોસાઈ.. .તરવડાના વતની જ્ઞાતિ અગ્રણી અને નિષ્ઠાવાન પી.આઈ. જામનગર ગોસ્વામી ભરતગીરી મોહનગીરીના સુપુત્રી કુ.નિલમબેને જાહેર થયેલ જીપીએસસી (સીવીલ) ના પરિણામ મા ફીમેલ રેન્કમા કલાસ ૧ નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) તરીકે ની પસંદગી થતા નિલમબેનેસમસ્ત દશનામ સમાજ તરવડા ગોસાઈ પરિવાર અને સમગ્ર નારી શક્તિનુ ગૌરવ વધાર્યું છે. તે બદલ નિલમબેન ને શંભુદળ યુવા બ્રીગેડ ઓલ ઈન્ડીયા તેમજ સમગ્ર દસનામ સમાજ અભિનંદન પાઠવે છે તેમજ દસનામ સમાજના ગૌરવ સમાન પિતા પુત્રી પર ઠેર ઠેરથી અભિનંદનની વર્ષાં થઈ રહેલ છે

આ ઉપરાંત અમરેલી જિલ્લા પોલીસ પરિવારનું ગૌરવ વધારનાર આ પીતા–પુત્રી પર જિલ્લા પોલીસના કર્મીઓ અભિનંદનની વર્ષા કરી રહ્યા છે લીલીયાટાઈમ્સ પરિવાર પણ આ હોનહાર નિલમબેનને અભિનંદન પાઠવે છે.એમ મહેશગીરી ગોસ્વામીની યાદીમા જણાવેલ છે

## લીલીયાના ભેંસવડીમાં ડો.ગૌસ્વામી દ્વારા ઈનામ અને ગણવેશ વિતરણ કાર્યક્ર્મ યોજાયો



લીલીયા,

લીલીયા તાલુકાના ભેંસવડી પ્રા.શાળામાં ડો. શિવગીરી ગોસ્વામી પરિવાર દ્વારા ઈનામ તેમજ ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે દાતા પરિવાર દ્વારા શાળાના તમામ બાળકોને ઈનામ અને ગણવેશ આપીઅને પ્રોત્સાહિત કરાયા હતા આ તકે ડો.શિવગીરી ગોસ્વામી, લાલજીભાલ ડોડીયા, ભનુભાઈ દુધાત, જયસુખભાઈ બુટાણી, અરૂણભાઈ પટેલ,ડો. પ્રકાશ દવે,ડો.પ્રણવ વ્યાસ, ડો.અલ્પેશ પંડયા, સુધીરભાઈ સતાણી, બીપીનભાઈ ભટ્ટ, માધવી બેન ઓઝા,જીગ્નેશભાઈ ડેર, અલકા બેન લાખાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા અશોકભાઈ જોષી સહિત શાળાનાતમામસ્ટાફેઅને ગ્રામજનો એ ભારે જહેમત ઉઠાવી હતી.

## દામનગરનાં યુવાનોએ પાણી પ્રશ્ને સરકારમાં ધારદાર રજુઆત કરાઈ

દામનગર(નટુભાઈ ભાતિયા),

દામનગર ના યુવાનો દ્વારા ગુજરાત સરકાર માં પાણી પ્રશ્ને અસરકારક રજુઆત વતન ના રતન સમાં યુવાનો એ નીલકંઠ યગ ફેડરેશન ચેરી ટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માં સૌની યોજના લિંક ૪ માં લાઠી લીલીયા ના ગાંગડિયા નદી નો સમાવેશ કરી દામનગર ના કુંભનાથતળાવ ની સંગ્રહશકિવધારી દામનગર સહિત ગ્રામ્ય વિસ્તારો ના ખેડુતો સુધી ચિસાઈ લાવવા ના ભગીરથ પ્રયાસ કરતા ધીરૂભાઈ પુનાભાઈ નારોલા ધરમશીભાઈ ગોવિદભાઈ નારોલા ભરતભાઈ ડોબરીયા દ્વારા સ્વ ખર્ચે ખાનગી સર્વે કરવા ઈજનેરો ની મદદ મેળવી સરકાર. શ્રી દ્વારા આ યુવાનોના પત્ર નો હકારાત્મક અભિગમ પત્ર માં ગ્રેવીટી ફીડર પાઈપ લાઈન માં ગાંગડિયા નદી ક્રોસિંગ સ્કાઉટ વાલ્વ મુકવા આયોજન થી હર્ષ દામનગર ના પ્રાણ પ્રશ્ન કાયમી પાણી પ્રશ્ન અને ચિસાઈ માટે ચિંતિત ધીરૂભાઈ પુનાભાઈ નારોલા ધરમશીભાઈ ગોવિદભાઈ નારોલા ભરતભાઈ ડોબરીયા દ્વારા લાઠી તાલુકા ને નવસાધ્ય કરવા સુરત લાઠી તાલુકા ની જનરલ મીટીંગ બાદ દામનગર સહિત ગ્રામ્ય ની મીટીંગો કરવા આયોજન સુરત સ્થિત દામનગર ના યુવાનો ની સરકાર માં રજુઆત ને હકારાત્મક વલણ

# લીલીયા શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીની ૨૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



તસ્વીર : નિલકંઠ સ્ટુડીયો,લીલીયા

## સંસ્થા દ્વારા સભાસદોને ૧૦ ટકા ડી.વી.તેમજ ગીફટ આપવાની જાહેરાત કરાઈ

લીલીયા,

લીલીયામોટા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી. લી.લીલીયામોટા ની ૨૩મી વાર્ષિક સાધારણસભા યોજાઈ

લીલીયા મોટા તા.૨૩મી જુલાઈ સાંજનાજકલાકે શ્રી નિલકંઠ મહાદેવ ખાતે ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળીની ૨૩મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખ હિતેષભાઈ જે.કારીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ.

પ્રથમ સંસ્થાના પ્રમુખ હિતેષભાઈ જે.કારીયા ,જી.પં. ઉપ.પ્રમુખ કેસુરભાઈ ભેડા,તાલુકા ભાજપના મહામંત્રી ભનુભાઈ ડાભી,લીલીયાના ઉપ સરપંચ બાબુભાઈ ધામત, લીલીયા ક્રેડીટ સોસાયટીના એમ. ડી.મગનભાઈ વિરાણી, લીલીયા ના બહોશ ડેન્ટીસ ડો.એલ. એસ. તોમર સંસ્થાનાલી.એડવાઈઝર એ.સી. વરીયા, સંસ્થાના મેનેજર દિનેશભાઈ ભટ્ટ દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભ આરંભ કરેલ.

પ્રથમ સંસ્થાના મેનેજર દિનેશભાઈ ભટ્ટ દ્વારા સાધારણ સભામાં હાજર અગ્રણી મહેમાનો તેમજ સભાસદોને આવકારવામાં આવેલ છે.

ત્યારબાદ વા.સા. સભા ની એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરતા મેનેજર ભટ્ટ દ્વારા વાર્ષિક હિસાબો રજુ કરતા સંસ્થા દ્વારા ૩૨ લાખ જેવો માતબર નફો કરતાસભાસદોને ૧૦ ટકા ડીવીડન્ડ સાથે ફીફટ આપવાની જાહેરાત કરવામાં આવેલ તેમજ સંસ્થા તરફથી સભાસદોને રૂ ૧ લાખનો આકસ્મીક વિમો સાથે વેલ્ફર ફંડની રકમ રૂા.૨૫ હજારની જાહેરાત કરવામાં આવેલ તેને સૌ સભાસદો એ બિરદાવેલ હતી.

તેમજ મંડળીના ઉપ. પ્રમુખ હરેશભાઈ સેજપાલ ,તેમજ ડાયરેકટર મનિષભાઈ લાલાણી, રસિકભાઈ વંડ્રા, વાલજીભાઈ માંડણકા,હિમતભાઈ શિંગાળા, ભરતભાઈ જોષી, નરેશભાઈ જોગાણી, ઉપેન્દ્રભાઈ નાગ્રેચા, દ્વારા સાધારણ સભામાં ખાસ ઉપસ્થિત મહેમાનો જી.પં. ઉપ.પ્રમુખ કેસુરભાઈ ભેડા, તાલુકા ભાજપ પ્રમુખ ચતુરભાઈ કાકડીયા, મહામંત્રી ભનુભાઈ ડાભી, વિજયભાઈ ગજેરા, ઉપ. સરપંચ બાબુભાઈ ધામત, રામકુભાઈ ભુવા, તુષારભાઈ ધોરાજીયા, બાલાભાઈ ભરવાડ, જીવરાજભાઈ પરમાર, જયંતિભાઈ ધાનાણી, મનોજભાઈ સેજપાલ,નું શાલ તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારી ગણ દિનેશભાઈ ભટ્ટ,અમિતભાઈ જોષી,દિપકભાઈ દવે,મહેશભાઈ દવે,મનિષભાઈ દવે,દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

કાર્યક્રમની આભાર વિધી દિનેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવે છે.

કાર્યક્રમ પૂર્ણ થયે અલ્પા હાર ની સુંદર વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવેલ તેમજ કાનાભાઈ શ્રધ્ધાવાળાનીયાદીમાં જણાવવા માં આવેલ છે.

# લીલીયા શ્રી પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડીટ કો.ઓપરેટીવી સોસાયટીની ૧૨મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



લીલીયા,

લીલીયા તાલુકામાં છેલ્લા થોડા જ વર્ષોમાં લોકોના વિશ્વાસનું પ્રતિક બનેલ પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડીટ કો.ઓપો. સો.લી.ની સાધારણ સભા યોજાઈ હતી.

આ સાધારણ સભાનું દિપ પ્રાગટય દ્વારા ઉદઘાટન લેઉઆ પટેલ સમાજના પ્રમુખ કાંતિભાઈ શિંગાળા,પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય ઘનશ્યામભાઈ રાદડીયા, બેંકના ચેરમેન ભાવેશભાઈ રાદડીયા, ભુપતભાઈ ધામત, પ્રકાશભાઈ વિરાણી, મગનભાઈ વિરાણી, જે.ડી. પાઠક,તુષારભાઈ ધોરાજીયા, ભદ્રેશ રાદડીયા, કાનાભાઈ શ્રધ્ધાવાળા સહિતના લોકો ઉપસ્થિતરહ્યાહતા.આ સાધારણ સભામાં પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડીટ કો. ઓપો. સો.લી. નાચેરમેન ભાવેશભાઈ રાદડીયા આ મંડળી ના હિસાબાની વિગત આપી હતી.આ તકે તેમણે મંડળી ની સુવિધાઓ એસ.એમ. એસ. સિસ્ટમ,તથા બેંકમાં ૯ વર્ષે ફીકસ ડીપોઝીટ પર ત્રણ ગણા પૈસા તેમજ ટુંક સમયમાં મંડળી દ્વારા ગોલ્ડ ધિરાણ પણ ટુંક સમયમાં ધિરાણ ચાલુ કરવામાં આવશે.આ સાધારણ સભામાં માં વિશાળ સંખ્યામાં મંડળીના સભાસદો અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયા શહેરમાં આગામી દિવસોમાં આ મંડળી દ્વારા અનેક સામાજિક પ્રવૃતિને વેગવંતી બનાવવામાં આવશે તેમ બેંકના ચેરમેન ભાવેશભાઈ રાદડીયાએ જણાવ્યું હતુ.લોકોએ પણબેંકની સરાહનીય કામગીરી ને બિરદાવી હતી. અને બેંકના મેનેજમેન્ટ ને કામગીરી બદલ અભિનંદભ પાઠવેલ.આ તકે કાર્યક્રમનું સંચાલન કાનાભાઈ શ્રધ્ધાવાળા દ્વારા કરવામાં આવેલ

# દશનામ સમાજના અગ્રણીઓએ પુરગ્રસ્તોની વ્હારે

સુરત(મહેશગીરી ગોસ્વામી),

દસનામ સમાજના યુવા અગ્રણી બિલ્ડર દિલેર દાતા ઉમેદજતિ બટુકજતિ ગોસ્વામી (મુનાજતિ) ત્રાપજવાળા દ્વારા મહાગુજરાત દસનામ ગોસ્વામી મહામંડળ હસ્તક પુરગ્રસ્ત વિસ્તાર માં દસનામ સમાજના પરિવારોને રાહત પેકેજ માટે રુપયા બે લાખ રોકડા તેમજ ૨૦૦ સાડીઓ મોકલવામા આવી..



દસનામ ગોસ્વામી સમાજના યુવા અગ્રણી બિલ્ડર અને દિલેર દાતાશ્રી ઉમેદજતિ બટિકજતિ ગોસ્વામી (મુનાજતિ ) ત્રાપજવાળા દ્વારા ઉત્તર ગુજરાતના પુરગ્રસ્ત વિસ્તારમાં ગોસ્વામી સમાજના પરિવારોને સહાય રુપ બનવા માટે રુ. બે લાખ રોકડ તેમજ ૨૦૦ સાડીઓ મહાગુજરાત મહામંડળ ના પ્રમુખ મનસુખપુરી આર. ગોસ્વામી (પરીબાપુ)ને સુપતઁ કરેલ જે સહાય પેકેજ પરીબાપુના માગઁદશઁન નીચે મહામંડળ ની ટીમ દ્વારા પુરગ્રસ્ત વિસ્તારમાં વિતરણ કરવામા આવેલ તેમજ મુનાજતિએ જણાવેલ છે કે હજુ પણ જરુર પડયે તેઓ વધુ સહાય આપવા માટે તત્પર છે તેમજ અગ્રણી બિલ્ડર મુનાજતિએ જણાવ્યુ કે પવિત્ર શ્રાવણ માસમા કુદરતિ આફતના સમયે શિવપરિવારોની યથાશકિ સહાય આપવી તે જ મારે મન શ્રાવણ માસનીપુજા સમાન છે, (ઉમેદજતિ બટુકજતિ ગોસ્વામી (મુનાજતિ)કોન્ટેક્ટ ૯૯૭૯૬૮ ૩૪૦૯) દીલેર દાતા મુનાજતિ ની સમાજ પ્રત્યેની માનવતાવાદી પ્રવૃતિને સમગ્ર દસનામ સમાજ દ્વારા બિરદાવવામાઆવી રહી છે તેમજ ઠેર ઠેરથી અભિનંદનની વર્ષાઁ થઈ રહેલ છે એમ મહેશગીરી ગોસ્વામીની યાદીમા જણાવેલ છે

# ઉત્તર ગુજરાત પુરપીડીતોની વહારે દસનામ ગોસ્વામી સમાજ




સુરત(મહેશગીરી ગોસ્વામી),

ઉત્તર ગુજરાતના પુર ગ્રસ્ત વિસ્તાર બનાસકાંઠા, પાટણ, મહેસાણા, દાહોદ વગેરે વીસ્તારો મા દસનામ ગોસ્વામી સમાજની સંસ્થાઓ મહાગુજરાત મહામંડળ , શંભુદળ યુવા બ્રીગેડના આગેવાનો તેમજ અન્ય સંસ્થાઓ સાથે જોડાએલા ગોસ્વામી સમાજ ના આગેવાનો દ્વારા યથાશકિ સહાય પહોચાડવાનુ માનવતાવાદી કાયઁ કયુઁ છે ,ખાસ તો દસનામ સમાજે ગૌરવ લીધા જેવી વાત એ છે કે આવી કુદરતી આફતના સમયે ત્રાપજના યુવા અગ્રણી બિલ્ડર ઉમેદજતિ બટુકજતિ ગોસ્વામી (મુનાજતિ)દ્વારાપુરગ્રસ્તવિસ્તારો અસરગ્રસ્ત દસનામ પરિવારો માટે રોકડ રુપયા બે લાખ અને ૨૦૦ સાડીઓ મહાગુજરાત મહામંડળ પ્રમુખ મનસુખપુરી આર. ગોસ્વામી (પરીબાપુ)વે સુપતઁ કરી અસરગ્રસ્ત વીસ્તારોમા મહામંડળ ની ટીમ મારફત વિતરણ કરવા માટે જવાબદારી સોંપી જે તેમણે હેન્ડ ટુ હેન્ડ પહોચાડેલ છે, રુબરુ જનાર મહાનુભાવોમા મહામંડળ પ્રમુખ મનસુખપુરીજી, પાલનપુર ના આગેવાન દોલતપુરીજી, કૃષ્ણગીરી લીંબડી, વીશાલ ભાર થીભાવનગર,હંસપુરી,મહેન્દ્રગીરી (ભોપાભાઈ)રાજકોટ, સંજયગીરી ગાંધીનગર,હરેશભારથી અમદાવાદ, તેમજ મહેસાણાની ટીમના બાબુપુરી, યોગેશભારથી, મનોજભારથી,રામગીરી,વાસુદેવભારથી, ભરતગીરી તેમજ શંભુદળ યુવાબ્રીગેડના રાષ્ટ્રીય અધ્યક્ષ કુવરગીરીબાપુની સુચના અનુસાર શંભુદળ ના આગેવાનો ગાંધીનગર જીલ્લા શંભુદળ પ્રમુખ દીલીપ ભારથીજી(ગુરુજી ), મધ્ય ગુજરાતશંભુદળપ્રમુખ મનીષ ગીરીજી એ પણ પુરગ્રસ્ત વિસ્તાર માં સહાય પહોચાડવાનુ ભગીરથ કાયઁ કરેલ છે,સમાજનુ કામ છે ફરજના ભાગરુપે દરેકે પોતપોતાની રીતે કોશીષ કરી છે, અને આના પરથી પ્રેરણા લઈને આવનારા સમયમા વધુ કામ થશે, ભાવનગર શંભુદળ યુવા બ્રીગેડના રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ સમીરગીરી તેમજ ગૌતમ ગીરી સહાતની ટીમ ધારાસભ્ય વિભાવરીબેનની ટીમ સાથે રાહતસામગ્રી લઈને ટુક સમયમા રવાના થશે, રાજકોટ ગૌતમગીરી તેમજ તેમની ટીમ, બોટાદ જીલા સંગીત કલાવૃંદ વિકાસ ટ્રસ્ટના માધ્યમથી કરણ ગીરી બોટાદ, અમરેલી, જામનગર, રાજકોટ, અમદાવાદ,લીંબડી, સુરત, સહીતના આમ તો અનેક શહેરો તૈમજ વિસ્તારમાંથી અનેક નામી અનામી દસનામ સમાજના અગ્રણી ઓએ પુરગ્રસ્ત વિસ્તાર માં જઈને સહાય પહોચાડેલ છે ટુંક સમય માઓગસ્ટનાએન્ડમા શંભુદળ યુવા બ્રીગેડ ઓલ ઈન્ડિયા ની ટીમ ફરજનાભાગરુપેપુરગ્રસ્તવિસ્તારોના ૧૫૦ જેટલા ગોસ્વામી પરિવારો ની મુલાકાત લઈ હુંફ આપી યથાશકિતમદદરુપ થવાનો પ્રયત્ન કરશે, નામો જાહેર કરવાના ના અને હોય પણ અન્યોને પ્રેરણા મળે તે માટે નામો મળેલ છેતે લખ્યા છે, બાકી આવી કુદરતી આફતના સમયે જે કોઈ સજજનો જાણતા કે અજાણતા મદદરુપ બનેલ છે તેની નોંધશિવભોલે કે દરબારમા લેવાશે જ અને તેનુ ફળ પણ આપશે જ...

# દામનગરમાં વૈજનાથ મહાદેવ થી કુંભનાથ મહાદેવ સુધી શિવજીની પાલખી યાત્રા નિકળી



દામનગર(નટુભાઈ ભાતિયા),

દામનગર સમસ્ત શહેર આયોજિત વૈજનાથ મહાદેવ મંદિર થી કુંભનાથ મહાદેવ મંદિર સુધી પાલખી યાત્રા હજારો ની જન મેદની ધોડેશ્વરી હર હર મહાદેવ ના ગગન ભેદી નાદ સાથ વરસતા વરસાદ માં ભીંજાતા શિવભકો નુ ઠેર ઠેર સ્વાગત મુસ્લિમો દાઉદી વ્હોરા ઈસ્માઈલી ખોજા ઠાકોર કોળી સમાજ દ્વારા ચા શરબત ના સ્ટોલોસ્વેતવસ્ત્રમાંમાલધારીયુવાનો દ્વારા પાલખી ની કમ્પાઉડ સરદાર ધૂન મંડળ ના ફૂલ ગુલાબી યુનિફોર્મ માં સ્વંયમ સેવકો ની અદભુત સેવા દામનગર ના વૈજનાથ મહાદેવ મંદિરેથીનીકળી શહેર ભર ના મુખ્ય માર્ગો પર ફરી કુંભનાથ મહાદેવ મંદિરે પાલખી યાત્રા સાંજના છ કલાકેપહોંચીદરેકશિવભક્તોને ફરાળનોપ્રસાદનુ આયોજન ભહ્મ સમાજ ના યુવાનો દ્વારા શિવજી ની સ્તુતિ નુ મધુર ગાન કર્યું હતું સંપૂર્ણ શિવમય વાતાવરણ માં દામનગર માં પાલખી યાત્રા માં દરેક સમાજ ની હાજરી નો અદભુત દર્શનીય નજારો

## દામનગરમાં રત્ન કલાકારોનો આરોગ્ય રામ ભરોસે



દામનગર(નટુભાઈ ભાતિયા),

દામનગર શહેર ના આનંદનગર સોસાયટી નુ આરોગ્ય રામભરોસે પાંચ હજાર ઉપરાંત રત્નકલાકારો જયાં રોજગારી મેળવે છે તેવા હજારો ની ચહલ પહલ વાળા ધમધમતા વિસ્તાર માં સપ્તાહ માં એક વાર જ સફાય થતી હોય તે શરમ જનક કહેવાય હાજરો હીરાઘસુ થી ધમધમતા વિસ્તાર માં કાચા રસ્તા કાદવ કીચડ મચ્છર નો ઉપન્વ પારાવાર ગંદકી રાભડા રોડ આનંદનગર સોસાયટી ધામેલ રોડ સહિત ના વિસ્તારો માં વરસાદી પાણી ના ખાડા ભરેલા રસ્તા કાદવ હાલચાલ ના મુશ્કેલી પાયા ની કોઈ સુવિધા વગર હજારો ને રોજગારી આપતા આનંદનગર સોસાયટી માં કાચા રસ્તા વરસાદી પાણી ના ખાડા ઓ માં બાજુ માં નીકળો એટલે મચ્છરો ના ઝૂંડ ઉડે કીટ નાશક નો છટકાવ અને માટી પુરી વરસાદી પાણી નો નિકાલ જરૂરી રસ્તા અને પાર્કિંગ વગર પીડા ભોગવતા આનંદનગર માં હીરા ઉદ્યોગ કરો ને પારાવાર મુશ્કેલી માં થી મુક્તિ મળશે કેમ ? હજારો હીરાઘસુ ઓ નુ આરોગ્ય રામભરોસે